# ૧ પ્રધાનમંત્રી જન-ધન યોજના

❒ **હેતુ:** બેંક ખાતાની સાથે જ લોકોને નાણાકીય સવલતો જેવી કે ડેબિટકાર્ડ, બેંકિંગ સર્વિસ, થાપણ, નાણાની લેવડ-દેવડ, વીમો, પેન્શન વગેરે પૂરી પાડવાનો છે. ઉપરાંત પ્રધાનમંત્રી જન-ધન યોજના રાષ્ટ્રીય નાણાકીય સમાવેશનું મિશન છે.

❒ **યોગ્યતા:** ૧૦ વર્ષથી વધુ વય ધરાવતી કોઈ પણ વ્યક્તિ આ યોજના હેઠળ બેંકમાં ખાતું ખોલાવી શકે છે.

❒ **ફાયદાઓ:** આ યોજના સાથે સંકળાયેલ લાભો નીચે મુજબ છે:

૧) જમા રાશિ ઉપર વ્યાજ
૨) એક લાખ રૂપિયાનું દુર્ઘટના વીમા કવચ
૩) કોઈ ન્યુનતમ બેલેન્સની જરૂર નથી, તેમ છતાંય, રૂપે કાર્ડની મદદથી રકમ ઉપાડવા માટે થોડી રકમ જમા રાખવામાં આવે એ હિતાવહ છે.
૪) રૂ.૩૦,૦૦૦ નું જીવન વીમા કવચ.
૫) ભારત ભરમાં સહેલાઈથી રકમ ટ્રાન્સફર થઈ શકશે.
૬) સરકારી યોજનાના લાભાર્થીઓને તેમના આ ખાતામાં સીધા લાભો જમા કરવામાં આવશે.
૭) ૬ મહિના સુધી ખાતામાં સંતોષજનક લેવડ-દેવડ પછી ઓવરડ્રાફ્ટની સુવિધા આપવામાં આવશે.
૮) પેન્શન તથા વીમાની સુવિધા મળી શકશે.

❒ **કાર્યપદ્ધતિ:**

પ્રધાનમંત્રી જન-ધન યોજનામાં ખાતું ખોલાવવા માટે નીચે મુજબનાં દસ્તાવેજ જરૂરી છે.

૧) આધારકાર્ડ હોય, તો બીજા કોઈ દસ્તાવેજની જરૂર નથી.
૨) સરનામું બદલાઈ ગયું હોય, તો હાલના સરનામાનું પ્રમાણપત્ર જરૂરી છે.
૩) જો આધારકાર્ડ ન હોય, તો નીચે જણાવેલ સરકારી દસ્તાવેજ પૈકી કોઈપણ એક જરૂરી છે.

અ) મતદાર ઓળખપત્ર
બ) ડ્રાયવિંગ લાયસન્સ
ક) પાન કાર્ડ
ડ) પાસપોર્ટ
ઈ) નરેગા કાર્ડ

**નોંધ:** **આ દસ્તાવેજોમાં જો અરજદારનું સરનામું હોય, તો આ ઓળખાણ તેમજ સરનામાના પુરાવા તરીકે કાર્ય કરશે.**

૪) જો કોઈપણ વ્યક્તિ પાસે ઉપર જણાવેલ દસ્તાવેજ ન હોય તો બેંક દ્વારા ઓછા જોખમ વાળા વર્ગ માટે ગેઝેટેડ અધિકારી દ્વારા જારી કરેલ પત્ર જેમાં વ્યક્તિનો ફોટો પણ પ્રમાણિત કરેલ હોય તેવા કોઈપણ દસ્તાવેજથી ખાતું ખોલાવી શકે છે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** રાષ્ટ્રીયકૃત અને જાહેર ક્ષેત્રની બેંકોની શાખાઓ, સહકારી બેંકોની શાખાઓ, બેંક મિત્ર, વ્યવસાય પ્રતિનિધિ વગેરે મારફત આ યોજનાનો અમલ કરવામાં આવશે.

Scanned by CamScanner